# 46

કાંકરેજ તાલુકામાં ભુગર્ભજળના સ્તર ઉંડે જતા ખેડૂતોને પડતી મુશ્કેલી બાબત

***15/4/62 :** શ્રી અમૃતજી મોતીજી ઠાકોર ( કાંકરેજ ) **:** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે: –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં ભુગર્ભજળના સ્તર ખુબ ઉંડે જતા રહેલ હોવાથી બોર–કુવા મારફતે સિંચાઇ કરતા ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) | હા |
| (૨) | જો હા, તો ઉક્ત બાબતના નિરાકરણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ? | (૨) | ઉક્ત બાબતના નિરાકરણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લીધેલાં પગલાં :<br>(૧) ચાંગા– દાંતીવાડા પાઈપલાઈનથી કાંકરેજ તાલુકાના તળાવો તેમજ સુજલામ સુફલામ કેનાલ મારફતે નર્મદાનું પૂરનું વધારાનું પાણી પૂરૂં પાડવામાં આવેલ છે.<br>**(૨)** ભૂગર્ભજળ રીચાર્જ માટે સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત તળાવ ઊંડા કરવાની, ચેકડેમ ડીસિલ્ટિંગની કામગીરી કરવામાં આવેલ છે.<br>**(૩)** અટલ-ભુજલ યોજના અંતર્ગત પાણીનો કરકસર યુક્ત ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિનો અમલ માટે વધારાની સબસીડી આપવામાં આવેલ છે.<br>**(૪)** પાણીનો કરકસર રીતે ઉપયોગ થાય તે માટે પ્રચાર-પ્રસાર કરી ખેડુતોમાં જાગૃતિ લાવવા વગેરે કામગીરી કરવામાં આવી રહેલ છે. |

---------------------------